ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 Email :krcscbhavnagar@yahoo.co.in Website : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date :15th September, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,

.............................................................................................,

ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે

### વિશ્વ ઓઝોન દિવસ અંતર્ગત કલા કેન્દ્ર, ભાવનગરમાં યોજાશે ચિત્ર સ્પર્ધા

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત પ્રેરિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.જે અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર પ્રાદેશિક કચેરીના સંયુક્ત ઉપક્રમે "Keep Cool and Carry on: Montreal Protocol" વિષય ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ ચિત્ર સ્પર્ધા કુલ ત્રણ વિભાગમાં યોજાશે. જેમાં પ્રથમ વિભાગમાં ૫ થી ૧૨ વર્ષના, બીજા વિભાગમાં ૧૩ થી ૨૦ વર્ષના અને ત્રીજા વિભાગમાં ૨૦ વર્ષથી મોટી ઉંમરના કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે (સંખ્યાને ધ્યાનમાં રાખીને આયોજક દ્વારા ગ્રુપની વાય મર્યાદામાં બદલાવ થઇ શકે છે.) આ ઉપરાંત ૧ થી ૪ વર્ષના વિધાર્થીઓ માટે રંગપુરણી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

વિશ્વ ઓઝોન દિવસની ઉજવણીના ભાગ રૂપે તા.૧૬-૦૯-૨૦૧૮ ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાક થી ૧૧.૩૦ કલાક દરમ્યાન કલા કેન્દ્ર (ફાઈન આર્ટ કોલેજ), શામળદાસ કોલેજ સામે, સરદારનગર, ભાવનગર ખાતે યોજવામાં આવશે.

ભાગ લીધેલ તમામ વ્યક્તિઓને દર્શાવેલ સ્થળ અને સમયે હાજર રહી પોતાના નામની નોંધની કરાવી લેવા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી શ્રી અને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી દ્વારા જણાવ્યું છે.

15-9-18
(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19